યુએસ ઓપન: સંઘર્ષપૂર્ણ મેચમાં સિનરે શાપોવાલોવને હરાવ્યો

પહેલો સેટ હારવા પર સિનરે કહ્યું હું મશીન નથી

એલેક્ઝાન્ડર ઝવેરેવ, ફેલિક્સ એલિયાસી સામે હાર્યો

સ્વિટેક અને કેરોલિના પણ ચોથા રાઉન્ડમાં

ન્યૂયોર્ક, તા. 31 (એપી): વિશ્વના નંબર વન યાનિક સિનરે યુએસ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં પોતાનો વિજય ક્રમ ચાલુ રાખ્યો હતો. તે પહેલો સેટ હારી ગયો હતો પણ ત્યારબાદ તેણે શાનદાર વાપસી કરી અને લોકોને યાદ અપાવ્યું કે તે મશીન નથી.

ડિફેન્ડિંગ ચેમ્પિયન સિનરે વિશ્વના નંબર 27 ડેનિસ શાપોવાલોવને 5-7, 6-4, 6-3, 6-3થી હરાવીને ચોથા રાઉન્ડમાં પ્રવેશ કર્યો.

સિનરે મેચ પછી કહ્યું, 'હું મશીન નથી. મને પણ ક્યારેક સંઘર્ષ કરવો પડે છે. મારા પર દબાણ હોવું સ્વાભાવિક છે.' આ ઇટાલિયન ખેલાડીએ હાર્ડકોર્ટ પર આ રીતે પોતાનું ઉત્તમ પ્રદર્શન ચાલુ રાખ્યું. ક્વાર્ટર ફાઇનલમાં પહોંચવા માટે, તેનો સામનો કઝાખિસ્તાનના નંબર 23 એલેક્ઝાન્ડર બુબ્લિક સામે થશે. બુબ્લિકે અમેરિકાના નંબર 14 ટોમી પોલને સાડા ત્રણ કલાક ચાલેલી મેચમાં 7-6 (5), 6-7 (4), 6-3, 6-7 (5), 6-1થી હરાવ્યો હતો. આ મેચ શનિવારે મધ્યરાત્રીએ 1.16 વાગ્યે (સ્થાનિક સમય મુજબ) સમાપ્ત થઈ હતી. બીજી બાજુ કેનેડાનો ફેલિક્સ ઓગર-એલિયાસીમે પણ ચોથા રાઉન્ડમાં પહોંચી ગયો છે. તેણે ત્રીજી સીડ ધરાવતા એલેક્ઝાન્ડર ઝ્વેરેવને હરાવ્યો. નંબર 10 લોરેન્ઝો મુસેટ્ટી પણ આગામી રાઉન્ડમાં પહોંચ્યો છે તેના દેશબંધુ ઇટાલીના ફ્લાવિયો કોબોલી જમણા હાથમાં દુખાવાને કારણે મેચમાંથી ખસી ગયો હતો જેના પગલે મુસેટ્ટીએ આગળના રાઉન્ડમાં પ્રવેશ કર્યો. મહિલા વર્ગમાં, ઇગા સ્વિટેક પણ છેલ્લા 16માં પહોંચી ગઈ છે. તેણે પહેલા સેટમાં 5-1થી પાછળ રહીને જીત મેળવી હતી. કેરોલિના મુચોવાએ પણ ચોથા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે.

મારિયા સક્કારી અને બીટ્રીઝ હદ્દાદ વચ્ચેની મેચ રાત્રે 11.30 વાગ્યે શરૂ થઈ

ન્યૂયોર્ક, તા. 31 (એપી): શનિવારે યુએસ ઓપનની છેલ્લી મેચ અપેક્ષા કરતા મોડી મધ્યરાત્રિએ શરૂ થઈ હતી, જ્યારે મારિયા સક્કારી અને બીટ્રીઝ હદ્દાદ માયા રાત્રે 11:28 વાગ્યે લુઇસ આર્મસ્ટ્રોંગ સ્ટેડિયમ ખાતે કોર્ટ પર ઉતર્યા. પુરુષોની લગભગ ચાર કલાકની મેચના કારણે આ વિલંબ થયો, જેમાં ફેલિક્સ ઓગર-એલિયાસીમેએ ત્રીજી સીડ ધરાવતા એલેક્ઝાન્ડર ઝવેરેવને ચાર સેટમાં હરાવ્યો હતો, આ મેચ લગભગ સાડા ત્રણ કલાક ચાલી હતી. ત્યારબાદ શરૂ થયેલી મહિલાઓની મેચ શનિવારે મધ્યરાત્રીએ 12:38 વાગ્યે સમાપ્ત થઈ જેમાં હદ્દાદ માયા જીતીને ચોથા રાઉન્ડમાં આગળ વધી હતી. અમેરિકન ગ્રાન્ડ સ્લેમે ગયા વર્ષે એક નીતિ શરૂ કરી હતી કે ટુર્નામેન્ટ રેફરી કોઈપણ મેચને બીજી કોર્ટમાં ખસેડી શકે છે જે રાત્રે 11:15 વાગ્યા સુધી તેના નિર્ધારીત સ્ટેડિયમમાં શરૂ થઈ ન શકે.

વિનસ અને લેયલાની જોડી ત્રીજા રાઉન્ડમાં

45 વર્ષીય વિનસ વિલિયમ્સ અને લેયલા ફર્નાન્ડીઝે ઉલિક એકેરી અને એરી હોઝુમીને 7-6 (1), 6-1થી હરાવીને મહિલા ડબલ્સના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. અમેરિકાની 45 વર્ષીય વિનસ અને કેનેડાની 22 વર્ષીય લેયલા આ અઠવાડિયા પહેલાં ક્યારેય સાથે રમ્યા નથી, તેમને યુએસ ઓપનમાં વાઈલ્ડ કાર્ડથી પ્રવેશ મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે વિનસે પોતાની બહેન સેરેના વિલિયમ્સ સાથે 14 વખત ગ્રાન્ડ સ્લેમમાં મહિલા ડબલ્સનો ખિતાબ જીત્યો છે. વિનસ 2022 પછી પહેલી વાર કોઈ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટના ડબલ્સમાં રમી રહી છે.

યોથા રાઉન્ડમાં કોકો ગફ અને નાઓમી ઓસાકા વચ્ચે મુકાબલો

કોકો ગફ અને નાઓમી ઓસાકાએ શનિવારે યુએસ ઓપન ટેનિસ ટુર્નામેન્ટના મહિલા સિંગલ્સના ચોથા રાઉન્ડમાં વિજય સાથે પ્રવેશ કર્યો, જ્યાં તેઓ એકબીજાનો સામનો કરશે. આ બે ભૂતપૂર્વ ચેમ્પિયન અગાઉ 2019માં યુએસ ઓપનમાં એકબીજાનો સામનો કરી ચૂક્યા છે. ઓસાકા તે સમયે ડિફેન્ડિંગ ચેમ્પિયન હતી અને તેણે 15 વર્ષીય ગફને સીધા સેટમાં હરાવી હતી. આ હાર પછી ગફ પોતાના આંસુ રોકી શકી નહીં અને ઓસાકાએ તેને સાંત્વના આપી. ઓસાકાએ શનિવારે કહ્યું, 'હું તેને નાની બહેન માનું છું, તેથી અહીં ફરીથી તેની સાથે રમવું સારું લાગશે.' ઓસાકાએ ડારિયા કાસાટકીનાને 6-0, 4-6, 6-3થી હરાવી હતી. અગાઉ, ગફે મેગ્ડાલેના ફ્રેચ પર 6-3, 6-1 થી જીત મેળવી હતી.

ભાંબરી અને માઈકલની જોડી આગામી રાઉન્ડમાં, બોપન્ના અને અર્જુન બહાર થયા

ન્યૂયોર્ક, તા. 31 (પીટીઆઈ): ભારતના યુકી ભાંબરી અને તેના ન્યુઝીલેન્ડના જોડીદાર માઈકલ વિનસ અહીં અમેરિકન જોડી માર્કોસ ગિરોન અને લર્નર ટિએનને હરાવીને યુએસ ઓપન ટેનિસ ટુર્નામેન્ટના આગામી રાઉન્ડમાં પ્રવેશ્યા હતા, પરંતુ રોહન બોપન્ના અને અર્જુન કાધે પોતપોતાના ભાગીદારો સાથે હારીને બહાર થઈ ગયા હતા. ભાંબરી અને વિનસની 14મી ક્રમાંકિત જોડીએ શાનદાર રમત દર્શાવી અને 6-0, 6-3થી જીત મેળવી. તેમણે તેમના વિરોધીઓને કોઈપણ સમયે વાપસી કરવાની તક આપી ન હતી અને મેચમાં ફક્ત ત્રણ ગેમ ગુમાવી હતી. ભારતના સ્ટાર ખેલાડી બોપન્ના અને તેના મોનાકોના સાથી રોમેન આર્નેડો શનિવારે રાત્રે રમાયેલી મેચમાં રોબર્ટ કેશ અને જેમ્સ ટ્રેસીની અમેરિકન જોડી સામે માત્ર એક કલાક અને પાંચ મિનિટમાં 4-6, 3-6થી હારી ગયા.

રોહિત, ગિલ અને બુમરાહે ફીટનેસ ટેસ્ટ પાસ કર્યો

રોહિત પાસે તાત્કાલિક કોઈ કાર્યભાર નથી પરંતુ તે નવેમ્બરમાં વનડે સિરીઝ માટે ઓસ્ટ્રેલિયા જાય તેવી શક્યતા છે

મહંમદ સિરાજ, યશસ્વી જયસ્વાલ, વોશિંગ્ટન સુંદર અને શાર્દુલ ઠાકુરે પણ ટેસ્ટ પાસ કર્યો

બેંગ્લુરૂ, તા. 31 (પીટીઆઈ): ભારતના ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલ અને વન-ડે કેપ્ટન રોહિત શર્મા સહિત ભારતીય ક્રિકેટરોએ અહીં BCCI સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે આયોજિત પ્રી-સીઝન ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધા છે.

ગિલ અને તેના સાથી ખેલાડીઓ જસપ્રીત બુમરાહ અને જીતેશ શર્માએ પણ ફિટનેસ ધોરણો પાસ કર્યા છે.

25 વર્ષીય પંજાબના બેટ્સમેનને T20 ટુર્નામેન્ટ માટે ભારતના વાઈસ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. ભારતીય ટીમ ટૂંક સમયમાં 9 સપ્ટેમ્બરથી શરૂ થનારા એશિયા કપ માટે દુબઈ રવાના થશે.

તાવને કારણે દુલીપ ટ્રોફીમાંથી બહાર નીકળવા પડ્યા બાદ ગિલ માટે ફિટનેસ ટેસ્ટ ફરજિયાત બન્યો હતો.

જાણવા મળ્યું છે કે સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે કોઈપણ સમસ્યા વિના ટેસ્ટ પાસ કરનારા અન્ય ખેલાડીઓમાં મોહમ્મદ સિરાજ, યશસ્વી જયસ્વાલ, વોશિંગ્ટન સુંદર અને શાર્દુલ ઠાકુરનો સમાવેશ થાય છે. હવે સ્ટાન્ડર્ડ યો-યો ટેસ્ટ ઉપરાંત, ફિટનેસ ટેસ્ટ દરમિયાન હાડકાની ઘનતા ચકાસવા માટે એક સરળ પદ્ધતિ DXA સ્કેન પણ કરવામાં આવ્યું હતું.

ટેસ્ટ અને ટી-20 ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધા પછી રોહિત પાસે તાત્કાલિક કોઈ કાર્યભાર નથી, પરંતુ આ સિનિયર બેટ્સમેન નવેમ્બરમાં વનડે સિરીઝ માટે ઓસ્ટ્રેલિયા જાય તેવી શક્યતા છે અને તે પહેલાં તે 30 સપ્ટેમ્બર, 3 અને 5 ઓક્ટોબરના રોજ કાનપુરમાં ઓસ્ટ્રેલિયા-A સામે ભારત-A માટે ત્રણ વનડે મેચ પણ રમી શકે છે. તે હજુ સુધી પુષ્ટિ થયેલ નથી પરંતુ રોહિત સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ટ્રેનિંગ લેવા માટે શહેરમાં થોડા વધુ દિવસો રોકાય તેવી શક્યતા છે. મનોજ તિવારીએ થોડા સમય પહેલા બ્રોન્કો ટેસ્ટ રોહિત શર્મા જેવા ખેલાડીઓને બહાર કરવા લવાયો હોવાનું કહ્યું હતુ.

હોકી એશિયા કપ: ભારતે જાપાનને હરાવી સુપર ફોર સ્ટેજમાં પ્રવેશ કર્યો

ભારતનો 3-2થી વિજય, હરમનપ્રીત સિંહના બે ગોલ

રાજગિર (બિહાર), તા. 31 (પીટીઆઈ): કેપ્ટન હરમનપ્રીત સિંહના બે ગોલની મદદથી, ભારતે રવિવારે અહીં હીરો મેન્સ એશિયા કપ હોકી ટુર્નામેન્ટના પૂલ-A મેચમાં જાપાનને 3-2થી હરાવીને સતત બીજી જીત નોંધાવી અને સુપર ફોર સ્ટેજ માટે ક્વોલિફાય કર્યું હતું.

હરમનપ્રીતે પાંચમી અને 46મી મિનિટમાં ગોલ કર્યો જ્યારે ભારત માટે મનદીપ સિંહે ચોથી મિનિટમાં બીજો ગોલ કર્યો.

જાપાન માટે બંને ગોલ કોસેઈ કાવાબેએ 38મી અને 59મી મિનિટમાં કર્યા. ભારતે શુક્રવારે ટુર્નામેન્ટમાં પોતાના અભિયાનની શરૂઆત ચીન પર 4-3થી જીત સાથે કરી જેમાં હરમનપ્રીતે હેટ્રીક કરી હતી. યજમાન ટીમ સોમવારે કઝાકિસ્તાન સામે પોતાની છેલ્લી પૂલ મેચ રમશે.

આ ખંડીય સ્પર્ધાની વિજેતા ટીમ આગામી વર્ષે બેલ્જિયમ અને નેધરલેન્ડ્સ દ્વારા સંયુક્ત રીતે યોજાનારા વર્લ્ડકપ માટે સીધી ક્વોલિફાય થશે.

સાત્વિક-ચિરાગે વર્લ્ડ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ જીત્યો

પેરિસ, તા. 31 (પીટીઆઈ): સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય જોડી અહીં વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપના મેન્સ ડબલ્સ સેમિફાઈનલમાં 11મી સીડ ધરાવતી ચીનની ચેન બો યાંગ અને લિયુ યીની જોડી સામે હારી જતાં બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

ભારત માટે મેડલ સુનિશ્ચિત કર્યાના એક દિવસ પછી, સાત્વિક અને ચિરાગ પાસે વર્લ્ડ ચેમ્પિયનશિપના ફાઈનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય મેન્સ ડબલ્સ જોડી બનવાની તક હતી, પરંતુ તેમનું સ્વપ્ન પૂર્ણ થઈ શક્યું નહીં કારણ કે તેઓ શનિવારે સાંજે 67 મિનિટની સેમિફાઈનલ મેચમાં 19-21, 21-18, 12-21થી હારી ગયા.

વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતીય જોડી માટે આ બીજો મેડલ છે. અગાઉ, તેઓએ ૨૦૨૨માં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

એશિયન ગેમ્સના ચેમ્પિયન સાત્વિક અને ચિરાગે ક્વાર્ટર ફાઈનલમાં બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા મલેશિયાના એરોન ચિયા અને સોહ વૂઈ યિકને હરાવીને 2011થી આ ટુર્નામેન્ટમાં મેડલ જીતવાનો ભારતનો સિલસિલો ચાલુ રાખ્યો હતો.

જોકે, સેમિફાઈનલમાં ભારતીય ટીમ ચીની જોડીના કઠિન પડકારનો સામનો કરી શકી નહીં. આ સાથે, ટુર્નામેન્ટમાં ભારતનું અભિયાન પણ સમાપ્ત થયું.

દુલીપ ટ્રોફી: સેન્ટ્રલ ઝોન સેમિફાઈનલમાં પહોંચ્યુ

બેંગ્લુરૂ, તા. 31 (પીટીઆઈ): રવિવારે ચોથા અને અંતિમ દિવસે ધીરજ અને હિંમત સાથે બેટિંગ કરતા નોર્થઈસ્ટ ઝોને સેન્ટ્રલ ઝોનને વિજયથી વંચિત રાખ્યું, પરંતુ પ્રથમ દાવની લીડના આધારે દુલીપ ટ્રોફીના સેમિફાઈનલમાં પહોંચતા તેમને રોકી શક્યું નહીં. જીતવા માટે 679 રનના વિશાળ લક્ષ્યનો પીછો કરતા, નોર્થઈસ્ટ ઝોને 6 વિકેટે 200 રન બનાવ્યા, જેના કારણે મેચ ડ્રો થઈ.

સેન્ટ્રલ ઝોને પ્રથમ દાવમાં ચાર વિકેટે 532 રન બનાવ્યા બાદ નોર્થઈસ્ટ ઝોનને 185 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. મેચના ત્રીજા દિવસે સ્ટમ્પ સમયે ટીમે સાત વિકેટે 331 રન પર તેનો બીજો દાવ જાહેર કર્યો. નોર્થઈસ્ટ ઝોન પાસે જીતવા માટે અશક્ય લક્ષ્ય હતું, જેને જોઈને ટીમના બેટ્સમેનોએ એકાગ્રતા અને ધીરજથી બેટિંગ કરી અને હાર ટાળવા માટે વિકેટ બચાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

બદોનીની બેવડી સદી, નોર્થ ઝોન સેમિફાઈનલમાં

બેંગ્લુરૂ, તા. 31 (પીટીઆઈ): આયુષ બદોનીની અણનમ બેવડી સદીની મદદથી, નોર્થ ઝોને રવિવારે દુલીપ ટ્રોફી ક્વાર્ટર ફાઈનલના ચોથા અને છેલ્લા દિવસે પૂર્વ ઝોનને વાપસી કરવાની કોઈ તક આપી ન હતી અને પ્રથમ ઈનિંગમાં મળેલી લીડના આધારે સેમિફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. પ્રથમ ઈનિંગમાં 183 રનની લીડ મેળવનાર નોર્થ ઝોનની ટીમે બીજી ઈનિંગમાં બે વિકેટે 388 રનની લીડ સાથે દિવસની શરૂઆત કરી હતી. જ્યારે ટીમે ચાર વિકેટે 658 રન પર ઈનિંગ ડિક્લેર કરી ત્યારે તેની લીડ 833 રન થઈ ગઈ હતી અને બંને કેપ્ટન મેચને ડ્રો તરીકે સમાપ્ત કરવા સંમત થયા હતા. બદોની 223 બોલમાં 204 રન બનાવીને અણનમ રહ્યા જ્યારે કન્હૈયા વાધવાન 23 રન બનાવીને અણનમ રહ્યા. કેપ્ટન અંકિત શર્મા બે રનથી બેવડી સદી પૂર્ણ કરવામાં ચૂકી ગયો.

સુડોકુ ૧૬૩૦ - 'કઠિન'

	૩	૫	૭		૮	૧	૪	૬
		૧	૪	૩	૨		૫	૭
	૯	૪		૫	૧		૨	૩
				૭			૯	૧
		૯	૮	૨	૩	૭		
૩	૭			૧	૪			
૯		૨			૫	૪	૭	૮
૮				૪		૨		
				૮			૧	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૦૧૮૬-૭૬૬૧ ક્રિઝિ

શબ્દગુંફન - ૭૦૫૦

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. સૂર્ય (૩)
૪. જહેમત, શ્રમ (૪)
૬. ઊંચા કુળનું, ખાનદાન (૩)
૮. ભંડાર, ખજાનો (૨)
૧૦. વગાડવું તે (૩)
૧૩. કૃપા દાખવવાપણું (૫)
૧૬. ભૂલ ભરેલું (૩)
૧૮. કેફ, ખુમારી (૩)
૧૯. અસલથી ચાલ્યું આવતું (૪)
૨૨. રંગ, વર્ણ (૨)
૨૩. ખુશ, પ્રસન્ન (૨)
૨૪. દિવો (૩)
૨૬. ઓછું (૨)
૨૭. અરીસો, મઢેલું ચિત્ર (૩)
૨૮. તકરાર, નકામો લવારો (૪)
૨૯. સાવ ખાલી (૪)
૩૧. ધાતુ ખખડવાનો અવાજ (૪)
૩૨. સંપ (૩)

ઊભી ચાવી
૧. પાણી ભરવાની ચામડાની કોથળીઓ (૩)
૨. એક મીઠું ફળ (૨)
૩. જીવ, પ્રાણ (૨)
૪. સહાય (૩)
૫. આકાશ (૨)
૭. લીલા રંગનું એક રત્ન (૩)
૯. બાણ (૨)
૧૦. મુરબ્બી, રક્ષક (૨)
૧૧. રોકડું (૩)
૧૨. બડાઈ, શેખી (૪)
૧૪. નવાઈ (૩)
૧૫. દિવસ (૨)
૧૭. ફળો વગેરેનું પ્રવાહી (૨)
૧૮. ઇચ્છા, મરજી (૨)
૨૦. નામ પાડવાની વિધિ (૫)
૨૧. સરોવર કે પર્વત પરથી પડતો કુદરતી જળપ્રવાહ (૨)
૨૨. વાચા, વાણી (૨)
૨૩. દુંખની કહાણી (૫)
૨૫. એક નળાકાર વાસણ (૩)
૨૬. ચોટલો (૨)
૨૮. ઓછું ખરાબ (૨)
૨૯. ક્ષાર, કાંટો, વેર (૨)
૩૦. ગઢેડો (૨)



૦૧૮૦૭ - ૨૬૬૧ ક્રિઝિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

ઉદાવર્ત

શરીરના દેહધર્મ મુજબ પોતાના આવેગ હોય છે. છીંક, ખાંસી, કુદરતી હાજત, વાયુ છૂટ, વગેરેને રોકવા નહીં. રોકવાથી શારીરિક તકલીફો થઈ શકે છે. ઉદાવર્ત રોગો ના શમન માટે નસોતર ઉપયોગી છે. ત્રણ ગ્રામ nasotar ચૂર્ણ રોજ સવાર સાંજ પાણી સાથે લેવું.

નીરજ ચોપડા વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરશે

ભારતીય ટીમમાં 19 સભ્ય, ચોપડા સહિત ચાર ભાલા ફેંક ખેલાડી સ્પર્ધામાં ભાગ લેશે

નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): ભારતે રવિવારે ટોક્યોમાં 13થી 21 સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ માટે સ્ટાર ભાલા ફેંક ખેલાડી નીરજ ચોપડાના નેતૃત્વમાં 19 સભ્યોની ટીમની જાહેરાત કરી. દેશના ઈતિહાસમાં પહેલી વાર, ભારતના ચાર પુરુષ ભાલા ફેંક ખેલાડી ચેમ્પિયનશિપમાં ભાગ લેશે, જેમાં બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા ચોપડા, સચિન યાદવ, યશવીર સિંહ અને રોહિત યાદવનો સમાવેશ થાય છે.

છેલ્લી ટુર્નામેન્ટમાં ચાર ભારતીયોએ પણ ક્વોલિફાય કર્યું હતું પરંતુ રોહિત ઈજાને કારણે બહાર થયો હતો.

એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાની (AFI) સિનિયર પસંદગી સમિતિની બેઠક બાદ પસંદ કરાયેલી ભારતીય ટીમમાં પાંચ મહિલા દોડવીરો પણ સામેલ છે. ચોપડાએ 2023માં બુડાપેસ્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો અને આ વખતે પણ અન્ય કોઈ ભારતીય પાસે મેડલ જીતવાની વાસ્તવિક તક નથી.

ભૂતપૂર્વ ચેમ્પિયન હોવાના કારણે 27 વર્ષીય ચોપડાએ વાઈલ્ડ કાર્ડ મારફતે વર્લ્ડ ચેમ્પિયનશીપ માટે ક્વોલિફાય કર્યું હતું જેના પગલે અન્ય ત્રણ ભારતીયો માટે ક્વોલિફાય થવાનો રસ્તો સાફ થયો હતો, ઉલ્લેખનીય છે કે કોઈ પણ દેશ સ્પર્ધામાં મહત્તમ ત્રણ ખેલાડી મોકલી શકે છે.

ભારતે અંડર-17 SAFF મહિલા ચેમ્પિયનશિપનું ટાઈટલ જીત્યું

ભારતીય ટીમ છેલ્લી મેચ બાંગ્લાદેશ સામે હારી ગઈ હતી છતાં પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને હોવાના કારણે ટાઈટલ કબજે કર્યું

થિમ્પુ, તા. 31 (પીટીઆઈ): રવિવારે અહીં બાંગ્લાદેશ સામેની છેલ્લી લીગ મેચમાં 3-4થી હારનો સામનો કરવો પડ્યો હોવા છતાં, ભારતે રવિવારે SAFF અંડર-17 મહિલા ચેમ્પિયનશિપનો તાજ જીત્યો હતો.

ડબલ રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં ચાર દેશો વચ્ચે રમાયેલી આ ટુર્નામેન્ટમાં ભારતનો આ એકમાત્ર પરાજય હતો. ભારતીય ટીમ છ મેચ પછી 15 પોઈન્ટ સાથે લીગ ટેબલમાં ટોચ પર હતી અને આમ તેને ટુર્નામેન્ટની વિજેતા જાહેર કરવામાં આવી હતી. ભારતીય ટીમે રવિવારની મેચ પહેલા જ સતત પાંચ મેચ જીતીને ટાઈટલ સુરક્ષિત કરી લીધું હતું. ભારતે અગાઉ 22 ઓગસ્ટના રોજ બંને ટીમો વચ્ચેની પ્રથમ લીગ મેચમાં બાંગ્લાદેશને 2-0 થી હરાવ્યું હતું.

ફોર્મ્યુલા વન: પિયાસ્ટ્રીએ ડચ ગ્રાન્ડ પ્રીં. જીતી, વર્સ્ટાપેન બીજા ક્રમે રહ્યો

લેન્ડો નોરિસની કાર ખરાબ થઈ જતા તેની ફોર્મ્યુલા-1 ટાઇટલ જીતવાની તકોને ભારે ફટકો પડ્યો

ઝેન્ડવુર્ટ (નેધરલેન્ડ), તા. 31 (એપી): રવિવારે ઓસ્કાર પિયાસ્ટ્રી મુશ્કેલીમાંથી બહાર નીકળીને ડચ ગ્રાન્ડ પ્રિક્સ જીત્યો હતો, જ્યારે તેના સાથી લેન્ડો નોરિસની ફોર્મ્યુલા-1 ટાઇટલ જીતવાની તકોને ભારે ફટકો પડ્યો હતો કારણ કે તેની કારમાં ખરાબી આવી હતી.

નોરિસ રેસના અંતમાં પિયાસ્ટ્રીનો પીછો કરી રહ્યો હતો ત્યારે બ્રિટિશ ડ્રાઈવરે તેના કોકપીટમાંથી 'વિચિત્ર' ગંધ આવી રહી હોવાનું જણાવ્યું. 'મને ખબર નથી કે કારમાં આગ લાગી છે કે નહીં', એમ નોરિસે કહ્યું. કારની પાછળથી ધુમાડો નીકળતા અને તેને કાર રોકવી પડી હતી. મેક્સ વર્સ્ટાપેને તેના હોમ ગ્રાન્ડ પ્રિક્સમાં બીજા સ્થાન રહ્યો હતો, જ્યારે રેસિંગ બુલ્સના ઈસાક હડજારે ત્રીજા સ્થાને રહીને પોતાનું પ્રથમ પોડિયમ ફિનિશ મેળવ્યું હતું.

ત્રિકોણીય સિરીઝ: પાકિસ્તાને યુએઈને હરાવ્યું, અયુબ અને નવાઝની આક્રમક અડધી સદી

શાહજાહ, તા. 31 (એપી): પાકિસ્તાને સઈમ અયુબ અને હસન નવાઝની તોફાની અડધી સદીની મદદથી સંયુક્ત આરબ અમીરાતને T20 ત્રિકોણીય સિરીઝમાં 31 રનથી હરાવ્યું. ડાબોડી બેટ્સમેન અયુબે 38 બોલમાં 69 રન બનાવ્યા જ્યારે નવાઝે 26 બોલમાં 56 રન બનાવ્યા જેમાં 6 છગ્ગા સામેલ હતા. કેપ્ટન સલમાન અલી આગાએ સતત બીજી વખત ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને પાકિસ્તાને 20 ઓવરમાં 207 રન બનાવ્યા. યુએઈ તરફથી ફાસ્ટ બોલર સગીર ખાને 44 રનમાં 3 વિકેટ લીધી. મધ્યમ ક્રમના બેટ્સમેન આસિફ ખાને 35 બોલમાં 77 રનની આક્રમક ઈનિંગ રમીને યુએઈ માટે પોતાની 50મી ટી20 મેચની ઉજવણી કરી.

આજનું પંચાંગ

તા. 01/09/2025, સોમવાર

વિક્રમ સંવત : 2081 **શાકે :** 1947
વીર સંવત : 2551 **માસ :** ભાદરવો
તિથિ: સુદ : નોમ: 26:43, શ્રીહરિ જયંતી
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : ભાદરવો - 10
યોગ : વિષ્કુંભ **કરણ:** બાવલ
નક્ષત્ર : જયેષ્ઠા: 19:56 સુધીમાં જન્મેલાની જયેષ્ઠાની અને તે પછી મૂળની શાંતિ કરાવવી
રાશિ: વૃશ્ચિક (ન,ય) 19:56 પછી ધન (ભ,ધ,ફ,ઢ)
દિવસ : અશુભ - જયેષ્ઠા ગૌરીપૂજન-અદુઃખ નવમી, ભાગવત સપ્તાહાંસ્મ
સુરતમાં સૂર્યોદય : 06:23 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:54
નવકારસી : 07:11
પારસી વર્ષ : 1395, ફરવરદીન માસનો 18મો રોજ
મુસલમાન વર્ષ : 1447, રબીઉલ અવલ માસનો 08મો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુ કાળ : સવારે 07:30 થી 09:00 સુધી

મેષ (અ,લ,ઇ,): કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. વીલ-વારસાનાં કામ થાય. જીવન સાથીના આરોગ્યની ચિંતા સતાવે.
વૃષભ (બ,વ,ઉ,): આવકમાં વધારો થાય. નવા રોજગાર બાબતે પ્રગતિ થાય. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે.
મિથુન (ક,છ,ઘ,): પડવા-વાગવાથી સાવધાન. નોકરીમાં મદદ મળે. નવી નોકરીની યોજના પાર પડે. ખર્ચા વધશે.
કર્ક (ડ,હ,): આનંદોત્સવમાં ભાગ લેવાનું બને. વિદ્યાર્થીઓને સફળતા મળે. પ્રેમમાં વિશ્વાસ વધશે.
સિંહ (મ,ટ,): આવક વધે. નોકરીમાં કરદરૂપે પ્રમોશન થાય, વારસા કે મકાન બાબતે અનુકુળતા થાય.
કન્યા (પ,ઠ,ણ,): મિત્રોની મદદથી નવા વેપાર-વ્યવસાયથી અનુકુળતા થાય. અટકેલા કામમાં ગતિ આવે.
તુલા (ર,ત,): ઉઘરાણી આવે. નવા રોકાણ થાય. પારીવારિક ધંધામાં પ્રગતિ થાય. ઘરમાં તાલમેળ વધે.
વૃશ્ચિક (ન,ય,): અચાનક અટવાયેલા કામમાં ગતિ આવે. ઊચ્ચ કક્ષાના લોકોની મદદ મળે. પ્રવાસ થાય.
ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રવાસમાં સાવધાની રાખવી. વિવાદ ટાળવો. આરોગ્ય બાબતે ખર્ચા વધશે.
મકર (ખ,જ,): આવકમાં વધારો થાય. પ્રેમમાં સાથ મળે. મિત્રોની મદદથી આવક વધારવાની યોજના બને.
કુંભ (ગ,સ,શ,ષ,): ધંધામાં નવા ફેરફાર થાય. આવક વધશે. નોકરીમાં પ્રમોશન મળે. જાહેર જીવનમાં યસ મળે.
મીન (દ,ચ,ઝ,થ,): વિવાદ ટાળવો. કોઈની વાતોમાં આવવું નહી. વિદેશથી શુભ સમાચાર મળે. પ્રવાસ થાય.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઇ પણ સાલમાં 01 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરી ધંધા-વ્યવસાયમાં નવી તક અને જવાબદારી તથા ટેકનોલોજીનું શિક્ષણ મળે. સમાજમાં ઉત્સાહજનક પ્રગતિ થાય. વારસા, જાયદાત, જમીનનો કામમાં કાયદાકીય મદદ મળે. આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવથી નવા રોકાણ પાર પડશે. નવા ઘ